# પ્રાંતિજમાં લુંટારૂ ગેંગ ફરી સક્રિય

## રૂપિયા ભરેલી થેલી ઝુંટવી પરંતુ પ્લાસ્ટીક બેગ હોવાથી ફાટી જતાં રૂપિયાના બંડલ નીચે પડ્યા : લુંટારૂ નિષ્ફળ રહ્યા

પ્રાંતિજ, તા. ૧૫

પ્રાંતિજ શહેરમાં આવેલ દેનાબેંકમાંથી ગતરોજ બે ખેડૂત પોતાના એકાઉન્ટમાંથી ૫૦,૦૦૦ રૂપિયા લઈને ઘર તરફ જતા હતા ત્યારે લુંટારૂ ગેંગે બેંકથી આગળ તેમની પાસે રહેલી રૂપિયા ભરેલી થેલી ઝુંટવી લેવા પ્રયત્ન કર્યો હતો. પરંતુ બેગ પ્લાસ્ટીકની હોવાથી બેગમાં રહેલા રૂપિયા નીચે પડી ગયા હતા. અને ખેડૂતના રૂપિયા બચી ગયા હતા. લુંટારૂ ગેંગને ખાલી હાથે પાછા ફરવાનો વારો આવ્યો હતો. બનાવ અંગે કોઈ પોલીસ ફરિયાદ નોંધાઈ નથી.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ શહેરના એપ્રોચ રોડ પર આવેલ દેના બેંકમાંથી પોતાના એકાઉન્ટમાંથી ખેડૂતે ૫૦,૦૦૦ રૂપિયા ઉપાડ્યા હતા. ખેડૂત રૂપિયા લઈને પોતાના ગામ તરફ બાઈક ઉપર જઈ રહ્યા હતા. ત્યારે અગાઉથી પીછો કરનાર લુંટારૂ ગેંગે શિવમ કોમ્પલેક્ષ આગળ સરદાર મંદિર પુલ પાસે ખેડૂતના બાઈક પાસે લુંટારૂઓએ પોતાનું બાઈક બાજુમાં લઈ જઈને રૂપિયા ભરેલી થેલીની ખેંચતાણ કરી હતી. પરંતુ થેલી પ્લાસ્ટીકની હોવાથી ફાટી જતાં રૂપિયાના બંડલ નીચે પડી ગયા હતા અને નાકામિયાબ રહેલા લુટારૂ ત્યાંથી રફુચક્કર થઈ ગયા હતા. બનાવ અંગે આસપાસના લોકોને જાણ થતાં લોકોના ટોળે ટોળા એકત્ર થઈ ગયા હતા. ઉલ્લેખનીય છે કે પ્રાંતિજ શહેરમાં ચોરી અને લુંટના કિસ્સામાં વધારો થયો છે. શહેરમાં લુંટારૂઓની ગેંગ સક્રિય થઈ છે. ત્યારે પોલીસના સબ સલામતના દાવા પોકળ સાબિત થાય છે. લુંટારૂઓ અને ચોર ઈસમો પોલીસને જાણે ચેલેન્જ કરતા હોય તેમ એક પછી એક ઘટનાને અંજામ આપી રહ્યા છે. ત્યારે પોલીસ તંત્ર નિષ્ક્રિય હોવાનો રાગ શહેરીજનો ચલાવી રહ્યા છે.

દાંતીવાડા તાલુકા હવામાન ખાતાના જણાવ્યા મુજબ આજે મોડી સાંજે દાંતીવાડા તાલુકામાં ભારે વાવાઝોડુ આવ્યું હતું. વાવાઝોડાને પગલે દાંતીવાડા કોલોનીની બાજુમાં આવેલા બે મહાકાય વૃક્ષો પત્તાની માફક ધરાશાયી થઈ ગયા હતા. જેના લીધે રસ્તા પર ટ્રાફિક જામ થઈ ગયો હતો અને વીજળી પણ જતી રહી હતી. વાવાઝોડાને કારણે લોકો કલાકો સુધી ઘરમાં પુરાઈ ગયા હતા. (પ્રવિણ પટેલ, દાંતીવાડા)

# ખેડબ્રહ્મામાં પ્રિ મોન્સુન પ્લાનની વરસાદે પોલ ખોલી : તંત્ર ઉંઘતું ઝડપાયું

ખેડબ્રહ્મા, તા. ૧૫

ખેડબ્રહ્મા શહેર અને તાલુકામાં ચોમાસાની ઋતુને પગલે તંત્ર દ્વારા પ્રિ મોન્સુન પ્લાનનું આયોજન કરવામાં આવ્યું હતું. સિઝનના પહેલા વરસાદમાં જ શહેરમાં ઠેર ઠેર પાણી ભરાઈ જતાં શહેરીજનોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો અને તંત્રના પ્રિ મોન્સુન પ્લાનની પોલ ખુલી ગઈ હતી.

પ્રાપ્ત માહિતી મુજબ ખેડબ્રહ્મા શહેરના મુખ્ય માર્ગો પર તેમજ નીચાણવાળા વિસ્તારોમાં ઘુંટણસમા પાણી ભરાઈ ગયા હતો. શહેરના માણેકચોક અને હાઈવે રોડ પર ચોમાસાના પાણી નિકાલ માટેની પાઈપલાઈન આવેલી છે. પરંતુ પાણીના નિકાલ માટેની પાઈપલાઈનની સાફ સફાઈ ન થતા રસ્તા પર પાણી ભરાઈ ગયા હતા. પાણીમાં વાહનોની અવર-જવરને કારણે નીચાણ વાળા ભાગમાં આવેલી દુકાનોમાં પાણી ઘુસી ગયા હતા. અને વેપારીઓને નુકશાન થયું છે. પહેલા વરસાદથી જ તંત્રના પ્રિ મોન્સુન પ્લાનની પોલ ખુલી જવા પામી છે. ચોમાસાની ઋતુને પગલે લાગતા વળગતા તંત્રો સતર્ક રહે અને શહેરીજનોને ફરીવાર મુશ્કેલીનો સામનો ન કરવો પડે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

# ઊંઝાના વણાગલા ગામે ભેખડ ધસી પડતાં બે કિશોરોના કરૂણ મોત

ઊંઝા, તા. ૧૫

ઊંઝા નજીકના વણાગલા ગામે તળાવમાં રમવા ગયેલ બે સગીર વયના કિશોરો પર માટીની ભેખડ ધસી પડતાં દટાઈ જવાથી બંનેના કરૂણ મોત નિપજ્યું હતા.

પ્રાપ્ત વિગત અનુસાર વણાગલા ગામે રહેતા ચૌધરી હિરેન ઉર્ફે નયન ઈશ્વરભાઈ ઉં.વ. ૧૬ તથા ચૌધરી જયદીપ ભગવાનભાઈ ઉં.વ. ૧૫ બંને કિશોરો સાંજના સમયે તળાવમાં રમતા હતા ત્યારે અચાનક બંને કિશોરો પર તળાવની માટીની ભેખડ ધસી પડતાં તેઓ દટાઈ ગયા હતા. આ વાતની જાણ થતાં ગ્રામજનો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને માટીમાં દટાયેલા બંને કિશોરોને બહાર કાઢી ઊંઝા કોટેજ હોસ્પિટલમાં લઈ ગયા હતા.

જ્યાં બે પૈકી એક કિશોરને તબીબે મૃત જાહેર કર્યો હતો. જ્યારે બીજા કિશોરનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન કરૂણ મોત નિપજ્યું હતું. વણાગલા ગામના એક જ પરિવારના બે કિશોરોના આકસ્મિક કરૂણ મોત નિપજતા તેઓના પરિવારજનો સહિત સમગ્ર ગામના ઘેરા શોકની લાગણી પ્રસરી હતી. આ બનાવ અંગે ઊંઝા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

# મોડાસાની એચ.ડી.એફ.સી. બેન્કના એ.ટી.એમ. મશીનના ચોકીદારની હત્યા કરી લૂંટનો પ્રયાસ..!!

## માંડ ૩૦૦ ફૂટના અંતરે પોલીસ ચોકી હોવા છતાં હત્યા થતાં પોલીસના રાત્રી પેટ્રોલીંગ સામે પ્રશ્નાર્થ

મોડાસા, તા. ૧૫

મોડાસા શહેરના ચાર રસ્તા પર આવેલ શ્રીરામ સીટી સેન્ટરમાં આવેલા એચ.ડી.એફ.સી. બેન્કના એ.ટી.એમ. મશીનના ચોકીદારની રાત્રિના સમયે અજાણ્યા શખ્સોએ ગળું કાપીને હત્યા કરવામાં આવતા ભારે ચકચાર પ્રસરી છે. જયારે આ એ.ટી.એમ. મશીન તુટી ન શકતાં લૂંટનો પ્રયાસ નિષ્ફળ રહ્યો છે. આમ ડી.વાય.એસ.પી. કચેરીની સામે જ આ ઘટના બનતાં પોલીસ મુંઝવણમાં મુકાઈ છે.

મોડાસા શહેરના ચાર રસ્તા પર આવેલા શ્રીરામ સીટી સેન્ટરમાં એચ.ડી.એફ.સી. બેન્કનું એ.ટી.એમ. આવેલું છે. અહીં ચોકીદાર તરીકે રામપુર ગામનો હરેશભાઈ નાનજીભાઈ વણકર (ઉ.વ. ૨૫) ફરજ બજાવતો હતો. ગત રાત્રિના સુમારે અજાણ્યા શખ્સો એટીએમ મશીનમાં ઘુસ્યા હતા અને પથારીમાં સુતેલા હરેશના ગળા પર તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકીને ગળું કાપીને હત્યા કરી નાંખી હતી. એ.ટી.એમ. મશીન તોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો પણ તસ્કરો નિષ્ફળ રહ્યા હતા. આજે સવારે આ વાતની જાણ થતાં ઘટના સ્થળે મોડાસા ડીવાયએસપી ઝાલા, પી.આઈ. પી.કે. પટેલ, હેડ કોન્સ્ટેબલ બાલુસિંહ, રાઈટર ચંદ્રસિંહ સહિતની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને તપાસ હાથ ધરી હતી. નવાઈની વાત તો એ છે કે જયાં હત્યા થઈ છે ત્યાં ઉપર હોટલ આવેલી છે, જાહેરમાર્ગ છે અને ડીવાયએસપી કચેરી સામે જ છે અને ચાર રસ્તા પોલીસ ચોકી પણ અંદાજે ૩૦૦ ફૂટના અંતરે છે છતાં અજાણ્યા શખ્સોએ આ હત્યાને અંજામ આપ્યો છે. રાત્રિના સમયે પોલીસ પેટ્રોલીંગ ચાલું હતું કે કેમ? એ એક તપાસનો વિષય છે. આ ઘટનાની જાણ થતાં એચ.ડી.એફ.સી. બેન્કના અધિકારીઓ ઘટન સ્થળે ધસી આવ્યા હતા અને મશીનની ચકાસણી હાથ ધરી હતી. પણ કોઈ જ રોકડ ન જતાં રાહતની લાગણી અનુભવી હતી. સાબરકાંઠામાં આવી હત્યાની સૌ પ્રથમ ઘટના નોંધાતા પોલીસ માટે તપાસ પડકારજનક બની છે.

# મહેસાણા પંથકમાં વરસાદથી ખેડૂતો આનંદમાં

મહેસાણા, તા.૧૫

મહેસાણા જિલ્લામાં ઊંઝા, કડી, ખેરાલુ, બેચરાજી પંથકમાં સમી સાંજના સમયે અચાનક જ વાતાવરણમાં પલટો આવતા પવન, ધૂળની આંધી સાથે મેઘરાજાનું આગમન થયું હતું. પંથકમાં ભારે પવન અને ભારે વરસાદના કારણે કેટલીય જગ્યાએ વૃક્ષો ધરાશાઈ થયા હતા.

મહેસાણા પંથકમાં સાંજના સમયે અચાનક જ ધૂળની આંધી સાથે મેઘરાજાનું આગમન થયું હતું. ભારે પવન અને આંધીને કારણે કેટલીય જગ્યાએ કાચા મકાનોના છાપરાં ઉડ્યા હતા તેમજ કેટલાય વૃક્ષો પણ ધરાશાઈ થયા હતા. આ વિસ્તારોમાં લગભગ પોણાથી એક કલાક સુધી મધ્યથી ભારે વરસાદ થયો હતો જેથી નીચાણવાળા ભાગોમાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા. જિલ્લામાં ચોમાસાની ઋતુની શરૂઆતમાં મૌસમનો સારો વરસાદ થતાં ખેડૂત વર્ગમાં આનંદની લાગણી ફેલાઈ હતી. કેટલાય વિસ્તારોમાં ભારે વરસાદને લઈને ખેતરોમાં પાણી ભરાતાં કપાસના વાવેતરને ઓછા પ્રમાણમાં નુકશાન થયું હોવાના પ્રાથમિક અહેવાલ છે. જિલ્લાના મોટા ભાગના વિસ્તારોમાં વાવણી લાયક વરસાદ થવાથી ખરીફપાકોની વાવણીની કામગીરી શરુ થઈ હોય તેમ જણાય છે.

# ચોમાસાના પ્રારંભે જ રાજયના ત્રણ તાલુકાઓમાં ૭૦ ટકા વરસાદ

ગાંધીનગર, તા.૧૫

રાજયમાં ચોમાસાના પ્રારંભે જ સૌરાષ્ટ્રમાં મેઘરાજાએ મન મૂકીને પધરામણી કરતાં ત્રણ તાલુકાઓમાં સરેરાશ સામે ૬૦ થી ૭૦ ટકા જેટલો વરસાદ થઈ જવા પામ્યો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયના ૧૫૯ તાલુકાઓમાં વરસાદ નોંધાવા પામ્યો છે.

રાજયના પૂર નિયંત્રણ કક્ષના સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજયમાં ચોમાસાનો પ્રારંભ થવા પામ્યો છે. જેમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાએ મન મુકીને પધરામણી કરી છે. અત્યાર સુધીમાં સૌરાષ્ટ્રના પોરબંદર જિલ્લામાં સરેરાશ વરસાદ સામે ૪૯.૯૯ ટકા જેટલો વરસાદ થઈ જવા પામ્યો છે.

પોરબંદર જિલ્લાના કુતીયાણા તાલુકામાં સરેરાશ વરસાદ સાથે ૭૩.૦૫ ટકા જેટલો વરસાદ થવા પામ્યો છે જયારે જુનાગઢ જિલ્લાના માણાવદરમાં સરેરાશ વરસાદ સામે ૬૭.૮૫ ટકા વંથલીમાં સરેરાશ વરસાદ સામે ૬૩ ટકા જેટલો વરસાદ થઈ જવા પામ્યો છે. આ ઉપરાંત રાજયના ૧૧ જેટલા તાલુકાઓ એવા છે કે જયાં સરેરાશ વરસાદ સામે અત્યાર સુધીમાં ૩૦ થી ૪૦ ટકા જેટલો વરસાદ નોંધાવા પામ્યો છે.

આજે સવારે સાત વાગ્યે પૂરા થતાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયના ૨૫ જિલ્લાના ૧૫૯ તાલુકાઓમાં વરસાદ નોંધાવા પામ્યો છે. જેમાં સૌથી વધુ સુરત જિલ્લાના ઉમરપાડામાં ૧૧૫ મી.મી. વરસાદ નોંધાયો છે. સુરત શહેરમાં ૭૫ મી.મી. માંડવીમાં ૫૨ મી.મી., કામરેજમાં ૯૧ મી.મી. જેટલો વરસાદ નોંધાયો છે. સમગ્ર રાજયમાં અત્યાર સુધીમાં સરેરાશ વરસાદ સામે ૧૧.૯૫ ટકા જેટલો વરસાદ થઈ જવા પામ્યો છે.

જો કે હજુ રાજયમાં સક્રિય ચોમાસાનો પ્રારંભ થયો ન હોવાને કારણે રાજયના કેટલાક તાલુકાઓમાં હજુ મેઘરાજાએ પધરામણી કરી જ નથી.

છેલ્લા બે દિવસ દરમિયાન હવામાનમાં પલટો આવવા પામ્યો છે. સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં મેઘરાજાએ મન મૂકીને પધરામણી કરી છે તો ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ગરમી અને બફારો પડતા લોકો ગરમીથી ત્રાહીમામ પોકારી ગયા છે.

પાટનગર ગાંધીગરમાં ગઈ કાલે સાંજે વાતાવરણમાં પલટો આવ્યો હતો. અને ધૂળમી ડમરીઓ સાથે પવન ફુંકાયા બાદ ગાજવીજના કડાકાઓ સાથે વરસાદનું જોરદાર ઝાપટું પડવા પામ્યું હતું.

# શિશુવિહાર ભાવનગર દ્વારા બાળકોને શૈક્ષણિક સહાય

ભાવનગર, તા. ૧૫

શિશુવિહાર સંસ્થા દ્વારા નગરપાલિકા અધિકારીની શાળાઓમાં ગરીબ બાળકોને શૈક્ષણિક સહાય આપવામાં આવે છે. ૮૦ શાળાઓનાં શિક્ષકો દ્વારા પસંદ કરીને ૮૫૦ બાળકોને શૈક્ષણિક સાધનો રૂા. ૫૦૦ આપવામાં આવે છે. અત્યાર સુધીમાં ૧૭૦૦ બાળકોને સહાય આપવામાં આવેલ છે. ભાવનગર રેડક્રોસના સહકારથી આરોગ્યની કાળજી લેવામાં આવે છે.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પ્લસ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન


# ઉત્તર ગુજરાતના બજાર ભાવો

### તલોદ

| | | |
|---|---|---|
| મગફળી | ૫૭૬ | ૯૩૧ |
| એરંડા | ૬૯૫ | ૭૧૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૬૧ |
| બાજરી | ૨૫૦ | ૨૯૨ |
| વરીયાળી | ૧૧૦૦ | ૧૩૦૧ |
| ગવાર | ૧૩૦૦ | ૧૩૫૪ |

### સલાલ

| | | |
|---|---|---|
| મગફળી | ૮૦૦ | ૯૨૫ |
| ઘઉં | ૩૦૫ | ૩૬૦ |
| બાજરી | ૨૫૫ | ૨૭૫ |
| ડાંગર જવા | ૩૦૫ | ૩૩૦ |
| ડાંગર ગુજ | ૩૪૦ | ૩૭૦ |

### પ્રાંતિજ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૭૦ | ૬૯૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૫૦ |
| બાજરી | ૨૫૫ | ૨૭૫ |
| ડાંગર ગુજ | ૩૪૦ | ૩૭૦ |
| ડાંગર જયા | ૩૦૫ | ૩૩૧ |

### ધનસુરા

| | | |
|---|---|---|
| એરંડા | ૬૭૦ | ૬૯૫ |
| મકાઈ | ૨૪૦ | ૨૯૭ |
| ઘઉં | ૩૧૪ | ૩૭૦ |
| બાજરી | ૨૬૫ | ૨૭૭ |
| ગવાર | ૧૨૦૦ | ૧૩૫૦ |

### ખેડબ્રહ્મા

| | | |
|---|---|---|
| ઘઉંલોકવાન | ૩૧૧ | ૩૩૦ |
| ઘઉંમધ્ય | ૩૨૦ | ૩૭૦ |
| મકાઈ | ૨૪૫ | ૨૭૫ |
| એરંડા | ૬૯૦ | ૭૦૦ |
| મગફળી | ૭૭૦ | ૮૩૧ |
| મગ | ૯૯૦ | ૧૦૭૪ |

### મોડાસા

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૨૫૦ | ૨૩૮૦ |
| એરંડા | ૬૮૦ | ૭૦૦ |
| બાજરી | ૨૭૦ | ૩૦૨ |
| મકાઈ | ૨૪૫ | ૩૧૩ |
| ઘઉં | ૩૦૫ | ૩૭૭ |
| મગફળી | ૭૦૦ | ૮૮૦ |
| ગવાર | ૧૧૭૫ | ૧૩૩૧ |
| વરીયાળી | ૧૨૮૦ | ૧૪૦૦ |
| ચણા | ૫૫૦ | ૬૦૦ |
| જુવાર | ૪૦૦ | ૪૧૮ |

### ટીંટોઈ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૮૦ | ૬૯૩ |
| બાજરી | ૨૫૫ | ૨૬૮ |
| મકાઈ | ૨૪૮ | ૨૮૧ |
| ઘઉં | ૩૦૫ | ૩૪૮ |
| મગફળી | ૭૮૦ | ૮૮૫ |
| ગવાર | ૧૨૮૦ | ૧૩૧૯ |
| મગ | ૯૫૦ | ૧૧૫૦ |
| ચણા | ૫૪૦ | ૫૬૦ |

### દહેગામ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૭૪ | ૨૮૮ |
| ઘઉં | ૩૨૪ | ૩૪૫ |
| ડાંગર | ૨૫૫ | ૨૮૫ |
| એરંડા | ૬૮૭ | ૭૦૦ |
| ગવાર | ૧૨૯૦ | ૧૩૩૬ |
| મકાઈ | ૨૫૫ | ૨૮૦ |
| તુવેર | ૫૩૦ | ૬૬૦ |
| જુવાર | ૩૫૧ | ૪૨૦ |
| રાયડો | ૫૨૫ | ૫૬૦ |

### રખિયાલ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૭૬ | ૨૮૬ |
| ઘઉં | ૩૨૦ | ૩૪૦ |
| ડાંગર | ૨૫૦ | ૨૮૦ |
| એરંડા | ૬૮૫ | ૬૯૫ |
| ગવાર | ૧૨૮૦ | ૧૩૩૦ |
| મકાઈ | ૨૨૦ | ૨૭૦ |
| તુવેર | ૫૨૫ | ૬૫૦ |
| જુવાર | ૩૪૦ | ૪૧૦ |
| રાયડો | ૫૨૦ | ૫૫૦ |

### હિંમતનગર

| | | |
|---|---|---|
| મગફળી | ૮૦૦ | ૯૦૯ |
| એરંડા | ૬૫૦ | ૭૦૩ |
| મગ | ૧૦૦૦ | ૧૦૬૨ |
| ઘઉં | ૩૧૫ | ૪૦૦ |
| બાજરી | ૨૭૦ | ૨૮૪ |
| મકાઈ | ૨૪૦ | ૨૬૦ |
| ગવાર | ૧૨૫૦ | ૧૩૮૨ |

### ઈડર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૦ | ૩૭૦ |
| મકાઈ | ૨૫૦ | ૨૮૦ |
| એરંડા | ૬૮૫ | ૬૯૫ |
| બાજરી | ૨૫૦ | ૨૭૦ |
| રાયડો | ૫૫૦ | ૬૦૦ |
| મગફળી | ૭૫૦ | ૯૩૦ |
| ગવાર | ૧૨૮૦ | ૧૩૪૦ |
| તુવેર | ૫૫૦ | ૭૦૦ |
| જુવાર | ૩૩૦ | ૩૭૦ |
| મગ | ૯૦૦ | ૧૧૨૦ |

### કડી

| | | |
|---|---|---|
| તુવેર | ૮૦૦ | - |
| ઘઉં | ૨૯૫ | ૩૭૧ |
| ડાંગર | ૨૮૭ | ૩૮૬ |
| બાજરી | ૨૫૨ | ૨૬૮ |
| બંટી | ૪૩૦ | ૪૩૩ |
| ગવાર | ૧૨૯૬ | ૧૩૬૬ |
| એરંડા | ૬૭૭ | ૬૮૫ |
| રાયડો | ૫૯૨ | ૬૦૮ |
| જીરૂ | ૨૦૨૧ | ૨૪૯૧ |
| અસાળીયો | ૫૬૧ | ૬૯૫ |

### પાલનપુર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૫ | ૪૧૭ |
| બાજરી | ૨૬૦ | ૨૮૦ |
| એરંડા | ૬૮૩ | ૬૯૫ |
| રાયડો | ૬૧૫ | ૬૩૦ |
| રાજગરો | ૯૦૫ | ૧૦૩૦ |
| ગવાર | ૧૨૯૫ | ૧૩૬૫ |

### સિદ્ધપુર

| | | |
|---|---|---|
| મેથી | ૫૨૦ | ૫૪૬ |
| રાજગરો | ૯૦૦ | ૯૭૩ |
| જવ | ૨૬૦ | - |
| રાયડો | ૬૦૮ | ૬૩૯ |
| એરંડા | ૬૫૫ | ૭૦૮ |
| ગવાર | ૧૨૮૫ | ૧૪૦૯ |
| ઘઉં | ૨૮૦ | ૪૨૨ |
| બાજરી | ૨૪૦ | ૩૨૦ |
| જુવાર | ૩૬૮ | ૫૭૦ |
| જીરૂ | ૨૩૫૧ | - |
| ઈસબગુલ | ૧૦૯૧ | ૧૨૧૨ |
| સવા | ૬૫૧ | ૬૭૮ |

### વિસનગર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૯૦ |
| બાજરી | ૨૨૦ | ૨૯૦ |
| રાયડો | ૫૮૦ | ૬૨૬ |
| એરંડા | ૬૭૫ | ૬૯૪ |
| જુવાર | ૩૦૦ | ૫૮૦ |
| મેથી | ૫૪૦ | - |
| ગવાર | ૧૧૦૦ | ૧૩૫૧ |
| કાજકાના બી | ૧૫૦૦ | ૨૭૩૫ |

### મહેસાણા

| | | |
|---|---|---|
| જવ | ૨૩૦ | ૨૭૬ |
| જુવાર | ૪૦૦ | ૪૧૬ |
| ઘઉં | ૩૦૦ | ૩૭૬ |
| જીરૂ | ૨૧૫૦ | ૨૪૦૧ |
| રાયડો | ૫૦૦ | ૬૨૩ |
| મેથી | ૫૧૪ | ૫૩૨ |
| સવા | ૪૨૫ | ૬૯૯ |
| બાજરી | ૨૪૩ | ૨૮૫ |
| એરંડા | ૬૮૦ | ૭૦૨ |
| અજમો | ૪૦૫ | ૧૨૨૫ |
| ગવાર | ૧૨૭૦ | ૧૨૮૨ |
| બંટી | ૩૬૦ | - |
| રાજકાળી | ૧૩૦૦ | ૨૮૩૫ |

### આંબલીયાસણ

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૨૦ | ૩૬૫ |
| બાજરી | ૨૭૦ | ૩૦૮ |
| રાયડો | ૫૭૩ | ૬૧૭ |
| એરંડા | ૬૭૫ | ૬૮૫ |
| ગવાર | ૧૩૧૨ | ૧૩૫૯ |
| જુવાર | ૩૬૪ | ૪૦૦ |

### જોટાણ

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૮૦ | ૩૮૯ |
| એરંડા | ૬૭૫ | ૬૯૦ |
| રાયડો | ૬૧૦ | - |
| બાજરી | ૨૩૦ | ૨૬૪ |
| ગવાર | ૧૧૯૧ | ૧૨૭૮ |

### હારીજ

| | | |
|---|---|---|
| મેથી | ૫૦૦ | ૫૩૮ |
| ઈસબગુલ | ૯૫૦ | ૧૧૮૦ |
| રાયડો | ૬૧૭ | ૬૩૮ |
| એરંડા | ૬૬૫ | ૬૯૪ |
| સાસટો | ૩૦૦ | ૩૯૦ |
| બાજરી | ૨૪૫ | ૨૮૬ |
| ઘઉં | ૩૦૦ | ૪૩૦ |
| ગવાર | ૧૨૪૦ | ૧૩૨૨ |
| જવ | ૨૯૨ | - |
| ચણા | ૫૬૦ | ૬૦૫ |
| જીરૂ | ૨૦૫૦ | ૨૫૦૧ |
| સવા | ૬૦૦ | ૬૯૧ |
| બંટી | ૪૦૦ | ૪૧૭ |

### બાયડ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૭૬૦ | ૬૯૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૭૦ |
| બાજરી | ૨૬૦ | ૨૭૦ |
| મકાઈ | ૨૬૦ | ૨૯૦ |
| ગવાર | ૧૧૦૦ | ૧૨૦૦ |

### પાટણ

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૦૦ | ૨૪૮૮ |
| વરીયાળી | ૮૫૦ | ૧૪૩૩ |
| ગવાર | ૧૧૫૦ | ૧૩૪૬ |
| રાયડો | ૫૫૦ | ૬૫૭ |
| એરંડા | ૬૬૦ | ૭૦૮ |
| ઘઉં | ૨૯૫ | ૪૧૨ |
| જુવાર | ૨૮૦ | ૪૨૩ |
| બાજરી | ૨૫૦ | ૩૦૭ |
| બંટી | ૪૦૦ | ૪૦૮ |

### ઉંઝા

| | | |
|---|---|---|
| જીરૂ | ૧૯૦૦ | ૨૮૦૦ |
| વરીયાળી | ૭૨૫ | ૧૯૦૦ |
| ઈસબગુલ | ૧૧૬૫ | ૧૪૭૦ |
| સરસવ | ૬૦૦ | ૭૨૫ |
| રાયડો | ૫૮૦ | ૬૭૧ |
| મેથી | ૫૩૦ | - |
| તલ | ૧૮૨૧ | ૨૦૮૦ |
| સવા | ૬૪૮ | ૭૩૦ |